Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


| | | | |
|---|---|---|---|
| ૧ | બ્રહ્મચર્યં મહાવ્રતમ્ ... | ... મુનિશ્રી હિમાંશુવિજયજી ... | ૨૮૩ |
| ૨ | અજોડ ... ... ... | છગનલાલ નહાનચંદ નાણાવટી ... | ૨૮૪ |
| ૩ | શ્રી તીર્થંકર ચરિત્ર ... ... | મુનિશ્રી દર્શનવિ૦ મહારાજ ... | ૨૮૫ |
| ૪ | અધ્યાત્મજ્ઞાન નિરૂપણ પ્રશ્નોત્તર ... | આત્મવલ્લભ ... ... | ૨૮૯ |
| ૫ | મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ | ...વિઠ્ઠલદાસ મૂલચંદ શાહ ... | [illegible] |
| ૬ | ભગવાન મહાવીર સંબંધી થોડીક હકીકતો | મુનિશ્રી જયંતવિજયજી | ૨૯૮ |
| ૭ | સંધ્યા તરંગ ... ... ... ... | વેલચંદ ધનજી ... | ૩૦૩ |
| ૮ | હિંદુ સમાજનાજ અંગભૂત જૈનો છે ... | ... ... ... | ૩૦૫ |
| ૯ | પ્રશ્નોત્તર ... ... ... ... | ... ... ... | ૩૦૬ |
| ૧૦ | સ્વીકાર સમાલોચના ... ... | ... ... ... | ૩૦૭ |


# " અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું. "

## નીચેના ગ્રંથો તૈયાર છે અને છપાય છે.

### સંસ્કૃત ગ્રંથો. ( થોડા વખતમાં પ્રગટ થશે. )

૧ વૃહતકલ્પ પીઠિકા. ૨ કર્મગ્રંથચાર દેવેન્દ્રસૂરિકૃત ટીકા સાથે.

૩ વિલાસવઇકહા. ( અપભ્રંશ ભાષામાં )

### ગુજરાતી ભાષાંતરના ગ્રંથો.

૧ સુકૃતસાગર—પેથડકુમાર ચરિત્ર ( ઇતિહાસિક ગ્રંથ ) તૈયાર છે. ૧-૦-૦

૨ ધર્મપરિક્ષા—ધર્મનું સ્વરૂપ કથાઓ સહિત. ( છપાય છે ).

૩ શ્રીપ્રભાવક ચરિત્ર—અનેક મહાન આચાર્યોશ્રીના ઇતિહાસિક દષ્ટિએ જીવન વૃત્તાંત તૈયાર થાય છે.

૪ શ્રી મહાવીર ચરિત્ર—( પ્રાચીન ગ્રંથ ઉપરથી. ) છપાય છે.

૫ શ્રી સુરસુંદરી સતી ચરિત્ર—અતિ રસમય ચરિત્ર. ( લખાય છે ).

નં. ૧ તૈયાર છે. બાકીના છપાય છે, યોજાય છે.

નં. ૨ અને નં. ૪ માં આર્થિક સહાયની અપેક્ષા છે. સહાય આપનાર બંધુની ઇચ્છા પ્રમાણે સદ્વ્યય કરવામાં આવશે. આ સભા તરફથી પ્રગટ થતાં દરેક ગ્રંથના કાગળો, ટાઇપો, બાઇંડીંગ એ તમામ ઉંચા પ્રકારના થતાં હોવાથી દરેક ગ્રંથોની સુંદરતા માટે લાઇફ મેમ્બરો અને વીઝીટરો વગેરે બંધુઓએ સંતોષ બતાવેલ છે.

ભાવનગર ધી " આનંદ " પ્રિન્ટિંગ પ્રેસમાં–શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश.

( પુસ્તક ૨૮ મું )

॥ वंदे वीरम् ॥

यदुत भो भद्राः सद्धर्मसाधनयोग्यत्वमात्मनोऽभिलषद्भिर्भवद्भिस्तावदिदमादौ कर्तव्यं भवति यदुत सेवनीया दयालुता न विधेयः परपरिभवः मोक्तव्या कोपनता वर्जनीयो दुर्जनसंसर्गः विरहितव्यालीकवादिता अभ्यसनीयो गुणानुरागः न कार्या चौर्यबुद्धिः त्यजनीयो मिथ्याभिमानः वारणीयः परदाराभिलाषः परिहर्तव्यो धनादि गर्वः ।

ततो भविष्यति भवतां सर्वज्ञोपज्ञ सद्धर्मानुष्ठानयोग्यता ॥

उपमिति भवप्रपञ्चा कथा–सप्तम प्रस्ताव.

(પુ० ૨૮ મું) વીર સં. ૨૪૫૬–૫૭. આત્મ સં. ૩૫–૩૬ અંક ૧ થી ૧૨.

પ્રકાશક—

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

વાર્ષિક મુલ્ય રૂા. ૧-૦-૦ ટપાલ ખર્ચ ૦-૪-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાર્ષિક અનુક્રમણિકા.


| નં. | વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ | મંગલધ્વનિ ( કાવ્ય ) | વેલચંદ ધનજી. | ૧ |
| ૨ | નૂતનવર્ષનું મંગળમય વિધાન. | માસિક કમીટી. | ૨ |
| ૩ | જ્ઞાતિ અને તેનો ઉદય. | કલ્યાણભાઇ દલસુખભાઇ ઝવેરી B. A. | ૯, ૫૮, ૮૪, ૧૧૦, ૧૩૬ |
| ૪ | લક્ષ્મીનો વાસ કયાં હોઇ શકે ? | સદ્‌૦ કર્પૂરવિજયજી મહારાજ. | ૧૪ |
| ૫ | પંચ જિનરાજની સ્તુતિ (કાવ્ય). | સંગ્રા. કસ્તુરચંદ હેમચંદ દેશાઇ. | ૧૫ |
| ૬ | અહિંસા–ધર્મ. | શંકરલાલ ડાયાભાઇ કાપડીયા. | ૧૬ |
| ૭ | આત્માના છ ભયાનક શત્રુ. | વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ B. A. | ૨૧ |
| ૮ | વસ્તીપત્રકમાં આવતી સાલના આંકડાઓની ગણતરી. | નરોત્તમ બી. શાહ. | ૨૫ |
| ૯ | સ્વીકાર અને સમાલોચના. (સભા). | | ૨૮, ૫૧, ૭૬, ૧૦૦, ૧૪૪, ૧૭૬, ૨૦૨, ૨૨૬, [ ૨૫૨, ૨૭૯, ૩૦૬, ૩૦૭ |
| ૧૦ | મારી. ( કાવ્ય ). | વેલચંદ ધનજી. | ૨૯ |
| ૧૧ | બાજી બધી ઉંધી વળે. ( કાવ્ય ). | છગનલાલ નહાનચંદ નાણાવટી. | ૩૦ |
| ૧૨ | ગૃહસ્થનો સામાન્ય ધર્મ. | ( આત્મવલ્લભ ). | ૩૧ |
| ૧૩ | ભાવનાનું બળ. | કસ્તુરચંદ હેમચંદ દેશાઇ. | ૩૩ |
| ૧૪ | જગતમાં જો શાંતિ કયાંય હોય તો દુઃખીઓના અશ્રુ લુંછવામાં છે. | એક મુનિશ્રી. | ૩૫ |
| ૧૫ | તમારી જીંદગી તમે વાંચો. | એક મુનિશ્રી. | ૩૭ |
| ૧૬ | સંગ્રહીત સૂક્ત વચનો. | સદ્‌૦ કર્પૂરવિજયજી મહારાજ. | ૩૮ |
| ૧૭ | નયરેખા દર્શન. | પ્રયોજક–શંકરલાલ ડાયાભાઇ કાપડીયા. | ૪૧ |
| ૧૮ | શ્રી કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય ગુણવર્ણન ( કાવ્ય ). | સદ્‌ગત આ૦ શ્રી અજિતસાગરસૂરિ. | ૪૫ |
| ૧૯ | સમવસરણ રચના. | માસિક કમીટી. | ૪૭, ૬૮, ૯૨ |
| ૨૦ | અધ્યાત્મવાદ. | વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. B. A. | ૪૯–૬૫ |
| ૨૧ | સાચી સમજ ( કાવ્ય ). | વેલચંદ ધનજી. | ૫૩ |
| ૨૨ | અસ્મિતા. | મુનિ દર્શનવિજયજી મહારાજ. | ૫૪ |
| ૨૩ | શ્રી શત્રુંજય તીર્થ ઉદ્ધાર પ્રબંધ. | સંગ્રા૦ આત્મવલ્લભ. | ૬૯, ૮૯, ૧૧૯. ૧૩૧, ૧૫૯, ૧૯૩, ૨૧૧ |
| ૨૪ | કુમારપાળકૃત રહસ્યાત્મકપદ્યાનુવાદ(કાવ્ય),, | –કસ્તુરચંદ હેમચંદ દેશાઇ. | ૭૨, ૯૮ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૨૫ વર્તમાન સમાચાર. | ૭૫, ૯૭, ૧૪૪, ૧૭૪, ૨૨૭, ૨૫૦, | ૨૭૫ |
| ૨૬ અનુપમ યાદ ( કાવ્ય ). | અભિલાષી. | ૭૭ |
| ૨૭ શ્રી તીર્થંકર ચરિત્ર. | મુનિશ્રી દર્શનવિજયજી મહારાજ. | |
| | ૭૮, ૧૦૩, ૧૬૨, ૧૮૨, ૨૦૭, ૨૩૧, ૨૫૫, | ૨૮૫ |
| ૨૮ સુધારો. | ૮૦, | ૨૨૮ |
| ૨૯ દ્રવ્યગુણ પર્યાય–વિવરણ. | શંકરલાલ ડાયાભાઇ કાપડીયા. | |
| | ૮૧, ૧૦૬, ૧૬૭, ૧૮૬, | ૨૨૩ |
| ૩૦ સદ્‌ગુરૂ તથા સચ્છાસ્ત્રોના વચનોમાં શ્રદ્ધા. | વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ B. A. | ૯૩ |
| ૩૧ જીવન સફલતા ( કાવ્ય ). | અભિલાષી. | ૧૦૧ |
| ૩૨ મહાવીર જિન સ્તવન ( કાવ્ય ). | ઝવેરચંદ છગનલાલ. | ૧૦૨ |
| ૩૩ શાસન રસિક શુદ્ધ મુનિઓ કેવા હોય ? | સદ્‌૦ કપૂર વિ૦ મહારાજ. | ૧૦૯ |
| ૩૪ ખરા પંડિત કેવા હોય ? | ,, | ૧૧૫ |
| ૩૫ જૈન અને કેળવણી. | નરોત્તમ બી. શાહ. | ૧૧૬ |
| ૩૬ અંતસમાગમ દુર્લભ છે. | સદ્‌૦ કપૂરવિ૦ મહારાજ. | ૧૨૧ |
| ૩૭ પુસ્કાલય વિષે કંઇક. | સંગ્રા૦ ગાંધી. | ૧૨૨ |
| ૩૮ શ્રી સિદ્ધાચલજી સ્તવન (કાવ્ય). | ઝવેરચંદ છગનલાલ. | ૧૨૫ |
| ૩૯ મથુરાનો કંકાલીટીલો. | અનુ૦ મુનિશ્રી જ્ઞાનવિજયજી. | ૧૨૬ |
| ૪૦ સેવાધર્મના મંત્રો. | વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ B. A. | ૧૪૦ |
| | ૧૬૯, | ૧૯૦ |
| ૪૧ આ સભાની વર્તમાન સ્થિતિ. | | ૧૪૫ |
| ૪૨ મુનિવિહારથી થતા લાભો. | | ૧૫૩ |
| ૪૩ તાત્ત્વિક રેખાંશ. (કાવ્ય) | વેલચંદ ધનજી. | ૧૫૫ |
| ૪૪ જીવદયા ધર્મ. | એક મુનિશ્રી. | ૧૭૨ |
| ૪૫ શ્રી શાંતિનાથ સ્તુતિ (કાવ્ય). | ન્યાયતીર્થ મુનિ હિમાંશુ વિ. "અનેકાન્તી". | ૧૭૯ |
| ૪૬ શ્રી પાર્શ્વનાથ સ્તુતિ (કાવ્ય). | ,, | ૧૮૦ |
| ૪૭ શ્રી મહાવીર પરમાત્મ સ્તુતિ (કાવ્ય). | ,, | ૧૮૧ |
| ૪૮ કદાગ્રહ (કાવ્ય). | છગનલાલ નહાલચંદ નાણાવટી. | ૧૮૯ |
| ૪૯ અધ્યાત્મ જ્ઞાન નિરૂપણ પ્રશ્નોત્તર. | યોજક. ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ. | ૧૯૫ |
| | ૨૧૪, ૨૩૯, ૨૫૮, | ૨૮૯ |
| ૫૦ જૈન સમાજને નમ્ર નિવેદન. | ,, | ૨૦૪ |
| ૫૧ શ્રી મહાવીર પ્રશસ્તિ ( કાવ્ય ). | ન્યાયતીર્થ મુનિ હિમાશુ વિ૦ ' અનેકાંતી" | ૨૦૫ |
| ૫૨ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ. | વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ B. A. | ૨૧૭ |
| | ૨૪૪, ૨૭૧, | ૨૯૫ |
| ૫૩ નવપદ આરાધન (કાવ્ય). | વેલચંદ ધનજી. | ૨૨૨ |
| ૫૪ હૃદયગુંજન (કાવ્ય). | ,, | ૨૨૯ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| ૫૫ પંડીતવર્ય શ્રી વીરવિજયજી મહારાજ. | ગાંધી. | ૨૩૫ |
| ૫૬ પાછો હઠ. (કાવ્ય). | છગનલાલ નહાનચંદ નાણાવટી. | ૨૩૮ |
| ૫૭ સહર્ષ નોંધ. | | ૨૪૯ |
| ૫૮ ધન્યવાદ અમારો સત્કાર. | | ૨૫૧ |
| ૫૯ જયન્તિ. (કાવ્ય). | વેલચંદ ધનજી. | ૨૫૩ |
| ૬૦ ભગવાન શ્રી પાર્શ્વનાથજી. | સંગ્રા૦ ગાંધી. | ૨૬૨ |
| ૬૧ ભગવાન મહાવીર સંબંધી મુખ્ય થોડી બાબતો. | સંગ્રા. મુનિશ્રી જયંત વિ. મહારાજ. | ૨૬૭-૨૯૮ |
| ૬૨ ગુરૂ જયંતી મહોત્સવો. | | ૨૮૧ |
| ૬૩ બ્રહ્મચર્ય મહાવ્રતમ્ (કાવ્ય). | ન્યાયતીર્થ મુનિ હિમાંશુ વિજયજી 'અનેકાંતિ'. | ૨૮૩ |
| ૬૪ અજોડ (કાવ્ય). | શા છગનલાલ નહાનચંદ નાણાવટી. | ૨૮૪ |
| ૬૫ સંધ્યા તરંગ (કાવ્ય). | વેલચંદ ધનજી. | ૩૦૩ |
| ૬૬ હિંદુ સમાજના જ અંગભૂતો જૈનો છે. | | ૩૦૫ |
| ૬૭ પ્રશ્નોત્તર. | | ૩૦૬ |




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

यदुत भो भद्राः सद्धर्मसाधनयोग्यत्वमात्मनोऽभिलषद्भिर्भवद्भिस्तावदिदमादौ कर्तव्यं भवति यदुत सेवनीया दयालुता न विधेयः परपरिभवः मोक्तव्या कोपनता वर्जनीयो दुर्जनसंसर्गः विरहितव्यालीकवादिता अभ्यसनीयो गुणानुरागः न कार्या चौर्यबुद्धिः त्यजनीयो मिथ्याभिमानः वारणीयः परदाराभिलाषः परिहर्तव्यो धनादि गर्वः ।

ततो भविष्यति भवतां सर्वज्ञोपज्ञ सद्धर्मानुष्ठानयोग्यता ॥

उपमिति भवप्रपञ्चा कथा–सप्तम प्रस्ताव.

पुस्तक २८ } वीर सं. २४५७. ज्येष्ठ. आत्म सं. ३६. { अंक ११ मो.

## ब्रह्मचर्यं महाव्रतम्.

( संदृब्धा )

न्यायतीर्थ मुनि हिमांशुविजयः ( अनेकान्ती ) शिवपुरी.

( १ )

आरोग्यलाभो यशसश्च भावो, दुःखेऽपि धैर्यं मनसश्च[१]वीर्यम् ।
ओजोविकाशः प्रतिभाप्रकाशो [२]ब्रह्मव्रतात् पुष्यति [३]चन्द्रिकेव ॥

( २ )

तिलेषु तैलं च मणौ सुकान्ति,–र्वनस्पतौ सत्त्वपरिस्थितिश्च ।
यथा तथास्त्याऽऽत्मनि वीर्यसत्ता नष्टे तु वीर्ये क्षयमेति सोऽपि ॥

१ उत्साहः । २ ब्रह्मचर्यतः । ३ यथा द्वितीयाचन्द्रकला क्रमतोवर्द्धते तथा ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ३ )

यज्ञने विद्यते ब्रह्म तस्योच्चैश्च यशस्तथा ।
दोषास्तमांसि नश्यन्ति भासमाने रवाविव ॥

( ४ )

यद्विना नाप्नुयाज्जीवः प्रकामाः सौख्यसंपदः ।
नीराद्विना यथा मत्स्यो भजेऽहं ब्रह्म तद्व्रतम् ॥

## અજોડ.

થઇ ગયા થાશે ઘણા, લખેશ્વરી ધનવંત;
પણ **શ્રીમંત** સાચા થયા, અજોડ એક **અરિહંત.** १
યોગી તાપસ અતિ ઘણા, થયા ઘણા અણગાર;
પણ અજોડ **ગૌતમ** એકલા, **લબ્ધિવંત** સુખકાર. २
અનેક પુરૂષો થઇ ગયા, બુદ્ધિમાં બળવંત;
પણ અજોડ એકજ જાણીએ, **અભયકુમારધીમંત.** ३
ઋદ્ધિ પામ્યા બહુ પરે, પુણ્યવંત કોડાકોડ;
પણ **શાલિભદ્ર** એકજ હુવા, **ઋદ્ધિવંત** અજોડ. ४
સૌભાગ્યમાં સરસા ઘણા, એકથી એક ચઢંત;
પણ **કયવન્ના** એકજ થયા, અજોડ **સૌભાગ્યવંત.** ५
પ્રસિદ્ધ થયા પુરૂષો ઘણા, શરીરથી બળવાન;
પણ અજોડ **બળવંત** એકલા, **બાહુબળ** જગમાં જાણ. ६
મુનિવર આદિ જાણીએ, શિયળમાં વિખ્યાત;
પણ અજોડ **બ્રહ્મચારી** એકલા, **સ્થુલિભદ્ર** સાક્ષાત. ७
ઉત્તમ આ પુરૂષો તણા, અહનિશ ગુણ ગવાય;
અજોડ થયા અવનિ વિષે, પ્રબળ પુણ્ય પસાય. ८
અજોડ થાવા આપણે, કરીએ પુણ્ય વિશેષ;
ઇચ્છિત વસ્તુ પામીએ, શંકા નહિ લવલેશ. ९

સંવત્ ૧૯૮૭ ના ચૈત્ર શુદ ૧ — **શાહ છગનલાલ નહાનચંદ** નાણાવટી
વેજલપુર-ભરૂચ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગિઆર અંગોમાં નિરૂપણ કરેલ

# શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગતાંક પૃષ્ટ ૨૫૭ થી શરૂ )

૩૦ તે **શ્રાવસ્તી** નગરીમાં **અયંપુલ** નામે આજીવિકમતનો ઉપાસક શ્રાવક રહેતો હતો, તે **ધનિક** યાવત કોઇથી પરાભવ ન પામે તેવો અને હાલાહલા કુંભારણની પેઠે યાવત આજીવિકના સિદ્ધાન્તવડે આત્માને ભાવિત કરતો વિહરતો હતો, ત્યારપછી તે અયંપુલ નામે આજીવિકોપાસકને અન્ય કોઇ દિવસે કુટુંબ જાગરણ કરતા મધ્યરાત્રિના સમયે આવા પ્રકારનો આ સંકલ્પ યાવત ઉત્પન્ન થયો કે—કેવા આકારે **હલ્લા** ( કીટ વિશેષ ) કહેલા છે ? ત્યારપછી તે અયંપુલ નામે આજીવિકોપાસકને બીજીવાર આવા પ્રકારનો આ સંકલ્પ ઉત્પન્ન થયો કે—એ પ્રમાણે ખરેખર મારા **ધર્માચાર્ય** અને ધર્મોપદેશક મંખલિપુત્ર **ગોશાલક** ઉત્પન્ન થયેલા જ્ઞાનદર્શનને ધારણ કરનાર યાવત **સર્વજ્ઞ** અને સર્વદર્શી તેઓ આજ શ્રાવસ્તી નગરીમાં હાલાહલા કુંભારણના કુંભકારાપણ–હાટમાં આજીવિક સંઘસહિત આજીવિકના સિદ્ધાન્તવડે આત્માને ભાવિત કરતા વિહરે છે, તે માટે મારે આવતીકાલે યાવત્ સૂર્યોદય થયે મંખલિપુત્ર ગોશાલકને વંદન કરી પર્યુપાસના કરી આવા પ્રકારનો આ પ્રશ્ન પૂછવો શ્રેયરૂપ છે. એમ વિચારી કાલે યાવત સૂર્યોદય થયે સ્નાન કરી **બલિ** કર્મ કરી અલ્પ અને મહામુલ્ય આભરણવડે શરીરને અલંકૃત કરી પોતાના ઘર થકી બહાર નીકળી પગે ચાલી શ્રાવસ્તી નગરીના મધ્ય ભાગમાં થઈ જ્યાં હાલાહલા નામે કુંભારણનું કુંભકારાપણ છે ત્યાં આવી તે હાલાહલા નામે કુંભારણના કુંભકારાપણમાં જેના હાથમાં **આમ્રફલ** રહેલું છે એવા યાવત્ હાલાહલા કુંભારણને **અંજલિ** કર્મ કરતા અને શીતલ માટી મિશ્રિત જલ વડે યાવત શરીરના અવયવને સિંચતા મંખલિપુત્ર ગોશાલકને જુએ છે, જોઇને તે **લજ્જિત** વિલખો અને વ્રીડિત થઇ ધીમે ધીમે પાછો જાય છે. ત્યારપછી તે આજીવિક સ્થવિરોએ લજ્જિત યાવત પાછા જતા આજીવિકોપાસક અયંપુલને જોઇ એમણે કહ્યું, હે અયંપુલ, અહિં આવ. જ્યારે આજીવિક સ્થવિરોએ એ પ્રમાણે કહ્યું ત્યારે તે અયંપુલ જ્યાં આજીવિક સ્થવિરો હતા ત્યાં આવ્યો, અને ત્યાં આવી આજીવિક સ્થવિરોને વંદન નમસ્કાર કરી અત્યન્ત પાસે નહિ તેમ અત્યંત દૂર નહિ એમ બેસી પર્યુપાસના કરવા લાગ્યો. હે અયંપુલ ? એમ કહી, **આજીવિક સ્થવિરોએ** આજીવિકોપાસક અયંપુલને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પ્રમાણે કહ્યું, હે અયંપુલ ? ખરેખર તને મધ્યરાત્રિના સમયે યાવત કેવા આકારવાળી હલ્લા કહેલી છે, ( એવો સંકલ્પ થયો હતો ) ત્યારપછી તને બીજી વાર આવા પ્રકારનો આ સંકલ્પ થયો હતો, ઇત્યાદિ પૂર્વોક્ત સર્વ કહેલું. યાવત શ્રાવસ્તી નગરીના મધ્ય ભાગમાં જ્યાં હાલાહલા કુંભારણનું કુંભકારાપણ છે અને જ્યાં આ સ્થાન છે ત્યાં તું શીઘ્ર આવ્યો. હે અયંપુલ ? ખરેખર આ વાત સત્ય છે ? હા સત્ય છે. હે અયંપુલ ? વળી તારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક મંખલિપુત્ર ગોશાલક હાલાહલા કુંભારણના કુંભકારાપણમાં આમ્રફલ હાથમાં લઇ યાવત્ અંજલિ કરતા વિહરે છે તેમાં પણ તે ભગવાન આઠ ચરમની પ્રરૂપણા કરે છે તે આ પ્રમાણે—" ૧ ચરમપાનક૦ યાવત સર્વ દુઃખનો અન્ત કરશે. " વળી હે અયંપુલ ? તારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક મંખલિપુત્ર ગોશાલક શીતલ માટીના પાણીવડે યાવત શરીરને છાંટતા વિહરે છે તેમાં પણ તે ભગવાન " ચાર પાનક અને ચાર અપાનક પ્રરૂપે છે. પાનક કેવા પ્રકારે છે યાવત ત્યારપછી તે સિદ્ધ થાય છે યાવત સર્વ દુઃખોનો અન્ત કરે છે. " તે માટે હે અયંપુલ ? તું જા અને તારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક મંખલિપુત્ર ગોશાલકને આવા પ્રકારનો આ પ્રશ્ન પૂછજે.

૩૧ ત્યારબાદ તે અયંપુલ આજીવિક સ્થવિરોએ એ પ્રમાણે કહ્યું એટલે હૃષ્ટ અને સંતુષ્ટ થઈ ઉઠયો. ઉઠીને જ્યાં મંખલિપુત્ર ગોશાલક હતો ત્યાં જવા તેણે વિચાર કર્યો. ત્યારે તે આજીવિક સ્થવિરોએ મંખલિપુત્ર ગોશાલકને આમ્રફલ એક સ્થળે મૂકાવવા માટે સંકેત કર્યો, ત્યારબાદ તે મંખલિપુત્ર ગોશાલક આજીવિક સ્થવિરોનો સંકેત જાણી આમ્રફલને એક સ્થળે મૂકે છે. ત્યારપછી તે આજીવિકોપાસક અયંપુલ જ્યાં મંખલિપુત્ર ગોશાલક હતો ત્યાં આવી મંખલિપુત્ર ગોશાલકને ત્રણવાર પ્રદક્ષિણા કરી યાવત પર્યુપાસના કરે છે. હે અયંપુલ ? એ પ્રમાણે કહી મંખલિપુત્ર ગોશાલકે આજીવિક ઉપાસક અયંપુલને આ પ્રમાણે કહ્યું. હે અયંપુલ ? ખરેખર તને મધ્યરાત્રિના સમયે યાવત તને સંકલ્પ થયો હતો અને જ્યાં હું છું ત્યાં મારી પાસે તું શીઘ્ર આવ્યો. હે અયંપુલ ! ખરેખર આ વાત સત્ય છે ? હા સત્ય છે. તે માટે ખરેખર આ આમ્રની ગોટલી નથી, પરન્તુ તે આમ્રફલની છાલ છે. કેવા આકારવાળી હલ્લા હોય છે ? ( આવો જે સંકલ્પ થયો હતો તેના ઉત્તરમાં ) **વાંસના મૂલના આકાર જેવી હલ્લા** હોય છે ( વળી વચ્ચે ગોશાલક ઉન્માદ કહે છે ) હે વીરા ! વીણા વગાડ. હે વીરા ! વીણા વગાડ. ત્યારબાદ મંખલિપુત્ર ગોશાલકે આવા પ્રકારનો આ પ્રશ્નનો ઉત્તર આપ્યો એટલે પ્રસન્ન સંતુષ્ટ અને જેનું ચિત્ત આકર્ષિત થયું છે એવો આજીવિકો પાસક અયંપુલ મંખલિપુત્ર ગોશાલકને વંદન નમસ્કાર કરી પ્રશ્નો પૂછે છે. પ્રશ્નો પૂછીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થગ્રહણ કરે છે. અર્થગ્રહણ કરી ઉઠી (પુનઃ) મંખલિપુત્ર ગોશાલકને વંદન અને નમસ્કાર કરી યાવત્ તે (સ્વસ્થાનકે) પાછો જાય છે.

૩૨ ત્યારબાદ મંખલિપુત્ર ગોશાલકે પોતાનું મરણ (નજીક) જાણીને આજીવિક સ્થવિરોને બોલાવ્યા અને બોલાવી તેણે એ પ્રમાણે કહ્યું—હે દેવાનુપ્રિયો! જ્યારે મને કાલધર્મ પ્રાપ્ત થયેલો જાણો ત્યારે સુગંધી ગન્ધોદક વડે **સ્નાન** કરાવજો, સ્નાન કરાવી છેડાવાળી અને સુકુમાલ ગન્ધકાષાય (સુગંધી-ભગવા) **વસ્ત્ર** વડે શરીરને સાફ કરજો. શરીરને સાફ કરી સરસ ગોશીર્ષચન્દન વડે શરીરને **વિલેપન** કરજો. વિલેપન કરી મહામૂલ્ય હંસના ચિહ્નવાળા **પટશાટકને** પહેરાવજો. પહેરાવી **સર્વાલંકારથી** વિભૂષિત કરજો વિભૂષિત કરી હજાર પુરૂષોથી ઉપડવા લાયક **શીબિકામાં** બેસાડજો, શીબિકામાં બેસાડી શ્રાવસ્તીનગરીમાં શૃંગાટકના આકારવાળા યાવત્ રાજમાર્ગમાં મોટા મોટા શબ્દથી **ઉદ્દઘોષણા** કરતા આ પ્રમાણે કહેજો. "એ પ્રમાણે ખરેખર હે દેવાનુપ્રિયો! મંખલિપુત્ર ગોશાલક જિન **જિનપ્રલાપી** યાવત જિન શબ્દને પ્રકાશ કરતા વિહરીને આ અવસર્પિણીના ચોવીશ તીર્થંકરોમાં છેલ્લા **તીર્થંકર** થઈને સિદ્ધ થયા, યાવત સર્વ દુઃખ રહિત થયા." આ પ્રમાણે ઋદ્ધિ અને સત્કારના સમુદાયથી મારા શરીરને બહાર કાઢજો. ત્યારે તે આજીવિકસ્થવિરોએ મંખલિપુત્ર ગોશાલકની એ વાતનો વિનય પૂર્વક સ્વીકાર કર્યો.

૩૩ હવે તે મંખલિપુત્ર ગોશાલકને સાત રાત્રી પરિણયતાં–વ્યતીત થતાં **સમ્યક્ત્વ** પ્રાપ્ત થયું અને તેને આવા પ્રકારનો અધ્યવસાય સંકલ્પ ઉત્પન્ન થયો કે "હું ખરેખર જિન નથી તોપણ જિનપ્રલાપી યાવત જિન શબ્દને પ્રકાશતો વિહર્યો છું. હું શ્રમણનો ઘાત કરનાર 'શ્રમણને મારનાર, શ્રમણનો પ્રત્યનીક વિરોધી, આચાર્ય અને ઉપાધ્યાયનો અપયશ કરનાર, અવર્ણવાદકારક અને અપકીર્તિ કરનાર મંખલીપુત્ર ગોશાલક છું. તથા ઘણી અસદ્ભાવનાવડે અને **મિથ્યાત્વાભિનિવેશવડે** પોતાને, પરને અને બન્નેને વ્યુદ્ગ્રાહિતભ્રાન્ત કરતો, વ્યુત્પાદિત (મિથ્યાત્વયુક્ત) કરતો, વિહરીને **મારી પોતાની તેજો લેશ્યા** વડે પરાભવ પામી સાત રાત્રીના અન્તે પિત્ત જ્વરથી વ્યાપ્ત શરીરવાળો થઈ દાહની ઉત્પત્તિથી છદ્મસ્થાવસ્થામાં જ કાલ કરીશ. **શ્રમણ ભગવાન મહાવીર જિન** છે અને જિનપ્રલાપી યાવત જિન શબ્દને પ્રકાશિત કરતા વિહરે છે." એમ વિચારી તે (ગોશાલક) આજીવિક સ્થવિરોને બોલાવે છે, બોલાવીને અનેક પ્રકારના **સોગન** આપે છે. સોગન આપીને તે આ પ્રમાણે બોલ્યો "હું ખરેખર જિન નથી પણ જિનપ્રલાપી યાવત જિન શબ્દને પ્રકાશ કરતો વિહર્યો છું, હું શ્રમણનો ઘાત કરનાર મંખલિપુત્ર ગોશાલક છું. યાવત્ છદ્મસ્થાવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થામાં કાળ કરીશ, શ્રમણ ભગવાન મહાવીર જિન, જિનપ્રલાપી યાવત જિન શબ્દનો પ્રકાશ કરતા વિહરે છે." તે માટે હે દેવાનુપ્રિયો ! તમે મને કાળ ધર્મ પામેલો જાણીને મારા **ડાબા પગને દોરડાવતી બાંધી** ત્રણવાર મુખમાં **થુંકજો**. થુંકીને શ્રાવસ્તી નગરીમાં શૃંગાટકના આકારવાળા યાવત્ રાજમાર્ગને વિષે **ઘસડતા** અત્યન્ત મોટે શબ્દે ઉદ્‌ઘોષણા કરતા કરતા એમ કહેજો કે હે દેવાનુપ્રિયો ! મંખલિપુત્ર ગોશાલક જિન નથી, પણ જિનપ્રલાપી અને જિન શબ્દને પ્રકાશિત કરતો વિહર્યો છે. આ શ્રમણનો ઘાત કરનાર મંખલિપુત્ર ગોશાલક યાવત છદ્મસ્થાવસ્થામાં જ કાળધર્મ પામ્યો છે. શ્રમણ ભગવાન્ મહાવીર જિન અને જિનપ્રલાપી થઇ યાવત વિહરે છે એમ ઋદ્ધિ અને સત્કારના સમુદાય સિવાય મારા શરીરને બહાર કાઢજો" એમ કહીને તે ( ગોશાલક ) કાળ ધર્મ પામ્યો.

૩૪ ત્યારપછી આજીવિક સ્થવિરોએ મંખલિપુત્ર ગોશાલકને કાળધર્મ પામેલ જાણીને હાલાહલા કુંભારણના કુંભકારાપણના દ્વાર બન્ધ કર્યા, બારણા બન્ધ કરીને હાલાહલા કુંભારણના કુંભકારાપણના બરાબર મધ્ય ભાગમાં **શ્રાવસ્તી નગરીને આલેખીને** મંખલિપુત્ર ગોશાલકના શરીરને ડાબે પગે દોરડા વડે બાંધીને ત્રણવાર મુખમાં થુંકીને શ્રાવસ્તી નગરીના શૃંગાટકના આકારવાળા યાવત રાજમાર્ગને વિષે ઘસડતા ધીમા ધીમા શબ્દથી ઉદ્‌ઘોષણા કરતા કરતા આ પ્રમાણે બોલ્યાઃ—હે દેવાનુપ્રિયો ! મંખલિપુત્ર ગોશાલક જિન નથી પણ જિનપ્રલાપી થઇને યાવત વિહર્યો છે. આ શ્રમણઘાતક મંખલિપુત્ર ગોશાલક યાવત છદ્મસ્થાવસ્થામાં જ કાળધર્મ પામ્યો છે. શ્રમણ ભગવાન મહાવીર જિન અને જિનપ્રલાપી થઇને યાવત વિહરે છે. એ પ્રમાણે તેઓ **શપથથી** છુટા થાય છે. અને **બીજીવાર** તેની પૂજા અને સત્કારને સ્થિર કરવા માટે મંખલિપુત્ર ગોશાલક ડાબા પગથી દોરડું છોડી નાખે છે. છોડી નાખી હાલાહલા કુંભારણના કુંભકારાપણના દ્વાર ઉઘાડીને મંખલિપુત્ર ગોશાલકના શરીરને સુગંધિ ગંધોદકવડે સ્નાન કરાવે છે. ઇત્યાદિ પૂર્વોક્ત કહેવું. યાવત અત્યંત મોટી ઋદ્ધિ અને સત્કારના સમુદાયથી મંખલિપુત્ર ગોશાલકના શરીરને બહાર કાઢે છે.

( ચાલુ. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અધ્યાત્મ જ્ઞાનનિરૂપણ પ્રશ્નોત્તર.

( ગતાંક પૃષ્ટ ૨૬૨ થી શરૂ )

## બારમો અધિકાર.

**પ્રશ્ન**—જગતના જીવો કર્મ પ્રમાણે સુખદુઃખ ભોગવે છે તે કર્મગણને પ્રેરણા કરનાર કર્ત્તા, વિધિ, ગ્રહ, યમ, પરમેશ્વર અથવા ભગવાન્ કોઇ હોવા જોઇએ. જીવ સ્વાભાવિક રીતે સુખનો રાગી અને દુઃખનો દ્વેષી હોય તે સ્વેછાએ શુભ અને અશુભ કર્મોને કેમ ભોગવે ?

**ઉત્તર**—જીવનો સ્વભાવ છે કે તે શુભાશુભ કર્મોને ગ્રહણ કરે. જીવને સુખદુઃખનો આપનાર સ્વકર્મ વિના બીજો કોઇ નથી. કર્મના સિદ્ધાન્તને જાણનારા કર્મને જ ભાગ્ય, સ્વભાવ, ભગવાન્, અદૃષ્ટ, કાલ, યમ, દૈવત, દૈવ, દિષ્ટ, વિધાન, પરમેશ્વર, ક્રિયા, પુરાકૃત, વિધા, વિધિ, લોક, કૃતાન્ત, નિયતિ, કર્ત્તા પ્રાક્કીર્ણ લેખ, પ્રાચીન લેખ, વિધાતાના લેખ ઈત્યાદિ નામોથી શાસ્ત્રમાં પ્રતિપાદન કરે છે.

**પ્રશ્ન**—કર્મને કોઈ પ્રેરણા કરનાર તો હોવો જોઇએ. કર્મ અજીવ અને જડ છે તે શું કરી શકે ?

**ઉત્તર**—કર્મનો એવો સ્વભાવ જ છે કે તે સદા કોઇની પણ પ્રેરણા વિના પોતાની મેળે આત્માને સ્વસ્વરૂપ યોગ્ય ફલ પમાડે. જે જીવો અજીવશરીરની સાથે સંબંધ રાખી હાલ જીવે છે, પૂર્વે જીવતા હતા અને ભવિષ્યમાં જીવશે, તે સર્વને કર્મોની સાથે ત્રૈકાલિક સંગમ હોવાનું ધ્યાનમાં રાખવું. આ સમસ્ત જગત્ ષડ્દ્રવ્ય અને પંચ સમવાયમય છે. તદન્ય ( તે વિના બીજું ) કંઈ નથી. જીવ અને ધર્માસ્તિકાયાદિ પાંચ અજીવ એ છ દ્રવ્યો છે. ધર્માસ્તિકાય જીવને ચાલવામાં સહાય કરે છે, અધર્માસ્તિકાય સ્થિતિ કરવાની પ્રેરણા કરે છે, આકાશાસ્તિકાય અવકાશ આપે છે અને પુદ્‌ગલાસ્તિકાયવડે જીવ આહારવિહારાદિ કરે છે. પુદ્‌ગલાસ્તિકાયમાં કર્મોનો અંતર્ભાવ થાય છે. કાળ આયુષ્યાદિ સર્વ પ્રમાણયુક્ત વસ્તુનું પ્રમાણ કરવામાં ઉપયોગી છે. કાલાદિ પંચસમવાયના સામર્થ્યથી જીવ કર્મોનું ગ્રહણ, ધારણ, ભોગ અને શમન કરે છે, અર્થાત આત્માની અજાગૃત દશામાં જીવો કરતાં અજીવો સબળ છે, જેમનાથી પ્રેરાઇને જીવો સુખદુઃખના ભાગી થાય છે. જીવો શુભાશુભ કર્મોને ગ્રહણ કરે છે અને કર્મો સ્વકાલમર્યાદા પામીને જીવોને સુખદુઃખ આપે છે—એ એમનો સ્વભાવ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન**—જીવ શુભાશુભ કર્મોને ગ્રહણ કરે છે અને ગ્રહણ કરવાના સ્વભાવથી ગ્રહણ કરતા જાણે છે કે હું સ્વાભિપ્રાય પ્રમાણે ઇષ્ટ કરૂં છું. એ વાત માન્ય કરવા જેવી છે. પરન્તુ કર્મો જડ હોવાથી ભોગકાળને કેવી રીતે જાણે કે તે પ્રગટ થાય ? આત્મા પણ શું દુઃખ ભોગવવાનો કામી છે કે તે દુષ્કર્મને આગળ કરે ? માટે કેટલાક લાંબાકાળ સુધી વિલંબ કર્યા પછી કર્મો સ્વકર્ત્તા જીવને સુખદુઃખ પમાડે છે તે પ્રેરક વિના કેવી રીતે બને ?

**ઉત્તર**—કર્મો જડ છે, નિજ ભોગકાળને જાણતા નથી અને આત્મા દુઃખ ભોગવવાનો કામી નથી તથાપિ જીવ દુઃખને આશ્રિત થાય છે અને કર્મો જડ છતાં દ્રવ્યક્ષેત્રકાળભાવ-સામગ્રીની તથાપ્રકારની અનિવાર્ય શક્તિથી પ્રેરાઇને પ્રગટ થઇ સ્વકર્ત્તા આત્માને બલાત્કારે દુઃખ દે છે. દૃષ્ટાન્ત તરીકે, કોઇ પુરૂષ ઉષ્ણ કાળમાં શીતળ વસ્તુનું સેવન કરે અને તે ઉપર મીઠો ખાટો કરંભ ખાય તો તેના શરીરમાં વાયુ ઉત્પન્ન થાય, જે વર્ષાૠતુ પ્રાપ્ત થતાં પ્રાયઃ અત્યંત કોપાયમાન થઇ શરદ્ ઋતુનો સંયોગ થવાની સાથે જ પિત્તના પ્રભાવથી પ્રાયઃ શાન્ત થાય. સ્વેચ્છિતભોજનથી વાત ( વાયુ ) ની ઉત્પત્તિ, વૃદ્ધિ ( સ્થિતિ ) અને શાંતિ ( નાશ ) એ ત્રણ દશાઓ થવામાં જેમ કાળ હેતુ છે તેમ આત્માને કર્મોનું ગ્રહણ, સ્થિતિ અને શાંતિ થવામાં કાળજ કારણ છે. એ રીતે આત્માએ ઉપાર્જન કરેલાં કર્મોનો કાળે કરીને ભોગ અને શાંતિ થાય છે તોપણ જેમ ઉગ્ર ઉપાયથી કાળ પ્રાપ્ત થયા પહેલાં જ વાતાદિ શાન્ત થાય છે તેમ કર્મો પણ શાંત થાય છે અને જેમ કેટલીક વખત સ્વાદિષ્ટ ભોજન શરીરમાં તત્કાળ ઉગ્ર વાતાદિ ઉત્પન્ન કરે છે તેમ ઉગ્ર કર્મો પણ આત્માને કોઇની પ્રેરણા વિના તત્કાળ ફળ આપે છે. બીજું દૃષ્ટાંત. કોઇ સ્ત્રી બીજાની પ્રેરણા વિના સ્વેચ્છાએ પુરૂષની સાથે સંભોગ કરે તેનો વિપાકકાળ પરિપૂર્ણ થયે પ્રસવતાં જેમ તેને સુખ અથવા દુઃખ થાય તેમ જીવે કરેલાં સારાં નરસાં કર્મો કોઇની પણ પ્રેરણા વગર સ્વસમય પામીને પ્રગટ થતાં જીવને સુખ અથવા દુઃખ આપે છે. કોઇ રોગી ઔષધ લે છે ત્યારે તે હિતકારી છે અથવા અહિતકારી છે એમ જાણતો નથી તોપણ જેમ તેનો પરિપાકકાળ થતાં તે સુખ અથવા દુઃખ આપે છે તેમ કર્મોને ગ્રહણ કરતાં તે શુભ છે અથવા અશુભ છે એમ જીવ જાણે નહિ તોપણ કર્મોનો પરિપાકકાળ થાય ત્યારે તે સુખ અથવા દુઃખ આપે છે. કૃત્રિમ વિષ જેમ તત્કાળ નાશ કરનારૂં અથવા મહિને, બે મહિને, છ મહિને, વર્ષે બે વર્ષે કે ત્રણ વર્ષે નાશ કરનારૂં હોય છે તેમ કર્મો પણ ઘણા પ્રકારનાં અને ભિન્ન ભિન્ન સ્થિતિનાં હોય છે, જે પોતપોતાનો કાળ પ્રાપ્ત થયે પોતાની મેળે જ પોતાના કરનાર જીવને તાદૃશ ફળ આપે છે. સિદ્ધ અથવા અસિદ્ધ પારો કોઇ રોગીના ખાવામાં આવે તેનો પરિણામકાળ પ્રાપ્ત થતાં જેમ તે રોગી સુખ અથવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખ પામે છે; શરીરમાં થયેલા ફોલ્લા, વાળા, દુર્વાત, શીતાંગક અને સન્નિપાત જેમ કાળબળ પામીને પોતાની મેળે તે તે રોગથી યુક્ત જીવને દુઃખ દે છે અને સર્વે ઋતુઓ જેમ પોતપોતાનો કાળ પામીને મનુષ્યલોકવર્તિ પ્રાણીઓને સુખદુઃખ આપે છે તેમ કર્મો પણ પોતપોતાનો કાળ પામીને બીજાની પ્રેરણા વિના આત્માને સત્વર સુખદુઃખ આપે છે. શીતલા, ઓરી, અચ્છબડા વગેરે બાળરોગની ગરમીની અસર જેમ છ મહીના સુધી શરીરમાં રહે છે તેમ કર્મો પણ પોતાની મેળે આવીને સ્થિતિ પ્રમાણે જીવનો આશ્રય લે છે. જેમ ક્ષય, અક્ષિબિન્દુ ( મોતીઓ ), ઉદ્ધત પક્ષઘાત, અર્ધાંગ અને શીતાંગ વગેરે રોગોનો પરિપાક હજાર દિવસે શાસ્ત્રવિશારદ ( શાસ્ત્રમાં પ્રવીણ ) વૈદ્યો જ્ઞાનબળથી જણાવે છે તેમ સૈદ્ધાન્તિકોમાં હસ્તિસમાન પંડિતોએ કર્મોનો પરિપાકકાળ પણ કહેલો છે. જેમ પિત્તથી થયેલો જ્વર દશ દિવસ, કફથી થયેલો બાર દિવસ, વાતથી થયેલો સાત દિવસ અને ત્રિદોષથી થયેલો પંદર દિવસ રહે છે અર્થાત જેમ એ જ્વરોનો પરિપાકકાળ જુદો જુદો હોય છે તેમ કરેલાં કર્મોનો પણ સ્થિતિ-કાળ જુદો જુદો હોય છે. આત્માએ જે પ્રમાણે પૂર્વે આચરણ કર્યું હોય તે પ્રમાણે જન્મકુંડળીમાં ગ્રહો આવે છે, તે ગ્રહોનું ફલ જેમ મહાદશા તથા અન્તર્દશાદિએ સહિત સ્વસ્થિતિ પ્રમાણે કોઇની પણ પ્રેરણા વિના સ્વભાવથી ભોગ-વાય છે, તેમ અન્ય કર્મોથી અંતરિત ( અંતરાયલાં ) જે કર્મો આત્માએ કર્યાં હોય તેમનું ફળ પરિપાકકાળ પ્રાપ્ત થયે કોઇની પણ પ્રેરણા વિના ભોગવાય છે.

**પ્રશ્ન**—કર્મ કેટલા પ્રકારે ( ભાંગે ) ઉદયમાં આવે છે ?

**ઉત્તર**—કર્મ ચાર પ્રકારે ભોગવાય છે. પહેલો પ્રકાર—અહીં કરેલું સારૂં અથવા નરસું કર્મ અહીંજ ઉદયમાં આવે છે. જેમકે કોઇ સિદ્ધપુરૂષને, સાધુ પુરૂષને અથવા રાજાને આપેલી સ્વલ્પ વસ્તુ પણ લક્ષ્મી મેળવી આપે છે અને ચોરી પ્રમુખ અપ્રશસ્ત કામ અહીં જ નાશને માટે થાય છે. બીજો પ્રકાર–અહીં કરેલું કર્મ પરલોકમાં ઉદય પામે છે. જેમ તપોવ્રતાદિ પ્રશસ્ય ( વખાણવા લાયક ) આચરણથી દેવતત્વાદિ મળે છે અને તેથી વિરૂદ્ધ આચરણ નરકાદિ આપે છે. *ત્રીજોપ્રકાર–પરજન્મમાં કરેલું કર્મ આ જન્મમાં સુખદુઃખ આપનારૂં છે. જેમ એક પુત્ર જન્મે છતે તેણે કરેલા કર્મને લીધે દારિદ્રય અને માતા પ્રમુખનો વિયોગ થાય છે અને તેની જન્મકુંડલીમાં ગ્રહો પણ સારા આવતા નથી. બીજો પુત્ર જન્મે છતે તેના સુકર્મથી સંપત્તિ પ્રભુતા અને માતા વગેરેનું સુખ થાય છે અને તેની જન્મપત્રિકામાં ગ્રહો પણ સારા પડે છે. ચોથો પ્રકાર–પરજન્મમાં કરેલું કર્મ પરજન્મમાં ફલદાયી થાય છે અર્થાત્ આ ભવમાં

* સતીનું સત્વ અને શૂરાનું શૌર્ય પરજન્મમાં ભોગ આપે છે–લોકોક્તિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરેલું કર્મ આ ભવમાં અથવા બીજા ભવમાં નહીં પણ ત્રીજા ભવમાં આત્માને ફલદાયી થાય છે. દાખલા તરીકે:—કોઇ આ જન્મમાં ઉગ્રવ્રત ( તપસ્યાદિ ) કરે પણ તે પહેલાં તે મનુષ્યે, દેવ અથવા તિર્યંચાદિના ભવનું ટુંકું આયુષ્ય બાંધ્યું હોય તો વ્રતના પ્રભાવથી દીર્ઘાયુષ્ય સહિત ભોગવવા યોગ્ય મોટું ફળ તેને તે પછીના ભવમાં દ્રવ્યાદિ સામગ્રીનો તથાપ્રકારનો ઉદય થાય ત્યારે પ્રાપ્ત થાય છે. કોઇ પુરૂષે કોઇ વસ્તુ સવારે ચાલશે એમ જાણીને તે દિવસે સંજોગો જોઇને વધારે વાપરી ન હોય અને સાચવી રાખી હોય તો તે જેમ બીજી વખતે ભોગવી શકાય તેવીજ રીતે કર્મનું પણ સમજવું. એ રીતે ચતુર્ભંગીથી સ્વકર્મ ભોગવાય છે એવું આપ્તવચન છે. કર્મનું સ્વરૂપ યથાર્થ નિવેદન કરવાને કેવળી વિના કોઇ સમર્થ નથી.

**પ્રશ્ન**—કર્મો કેટલા પ્રકારની અવસ્થાવાળાં હોય છે ?

**ઉત્તર**—કર્મો ત્રણ પ્રકારની અવસ્થાવાળાં હોય છે. ભુકત ભોગ્ય અને ભુજ્યમાન. શુભ અને અશુભ સર્વને માટે એ સરખું સમજવું. પૃથ્વી ઉપર પડીને સુકાઇ ગયેલાં વરસાદનાં બિન્દુ જેવાં ભુકત કર્મ સમજવાં. પૃથ્વી ઉપર હવે પછી પડવાનાં અને સુકાઇ જવાનાં બિંદુ જેવાં ભોગ્ય કર્મ સમજવાં. પડતાં પડતાં સુકાઇ જતાં બિંદુ જેવાં ભુજ્યમાન કર્મ સમજવાં. અથવા, મુખમાં ગ્રહણ કરેલા આહારના કોળિયા જેવાં ભુકત કર્મ, ગ્રહણ કરવાના કોળિયા જેવાં ભોગ્ય કર્મ અને ગ્રહણ કરાતા કોળિયા જેવા ભુજ્યમાન કર્મ સમજવાં. વ્રતી અથવા અવ્રતી સર્વે સંસારી જીવોને ભુકત, ભોગ્ય અને ભુજ્યમાન કર્મ હોય છે. કેવળજ્ઞાની મહન્તોને બંધાતાં કર્મો શિલાગ્ર ( પથ્થરની ખડકની ટોચ ) ઉપર પડતાં વરસાદના બિંદુ જેવાં અલ્પસ્થિતિવાળાં હોય છે. તેમાં પણ તે ત્રણ અવસ્થા સમજવી. અંતના પહેલા સમયમાં કેવળજ્ઞાનીને ભોગ્ય કર્મ હોતાં નથી, ભુકત અને ભુજ્યમાન કર્મ હોય છે અને અંત સમયે તો સર્વ કર્મનો ક્ષય કરવાથી માત્ર ભુકત કર્મ હોય છે. કર્ત્રાદિ બીજાની પ્રેરણા વિના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના તેવા સ્વભાવથી કર્મની ભુકતાદિ ત્રણ દશા થાય છે. સિદ્ધાત્માએ કર્મોનો પૂર્વે નાશ કરેલો હોવાથી એ ત્રણ દશા તેમને સંભવતી નથી. ભુકત કર્મ એવી દશા પણ કેવળજ્ઞાન થયું ને ભવના અંત સુધી સમજવી, સિદ્ધાવસ્થામાં નહિ. કર્મ સંબંધી આ વિચાર સામાન્ય લોકને પ્રતિબોધ થાય એટલા માટે લોક પ્રસિદ્ધ દૃષ્ટાંતોવડે કહેવામાં આવ્યો છે. પ્રવીણ પુરૂષોએ પ્રાચીન યુકિતઓ વડે સમજી લેવો. બીજાની પ્રેરણા વિના કર્મો ભોગવવાની બાબતમાં એવાં અનેક ઉદાહરણો વિચારનિપુણોએ વિચારી લેવાં. પરમેશ્વરની વાણી પ્રમાણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## તેરમો અધિકાર.

**પ્રશ્ન**—કેટલાક કહે છે—પુણ્ય નથી, પાપ નથી, સ્વર્ગ નથી, નરક નથી, મોક્ષ નથી, પુનર્જન્મ નથી,મનથી કંઈ ગ્રહણ થઇ શકતું નથી અને જેમાં પાંચે ઇન્દ્રિયોનો વિષય હોય એવા પ્રત્યક્ષ સિવાય અન્ય પ્રમાણ માનવા યોગ્ય નથી. એ શું યુક્તિમત્ છે ?

**ઉત્તર**—જે વસ્તુ દ્રશ્ય ( ઇન્દ્રિયગોચર ) હોય તે જ સત્ અને બીજી અસત્ એવી માન્યતા યોગ્ય નથી. જેમાં પાંચે ઇન્દ્રિયોનો વિષય હોય એવી કઇ વસ્તુ છે તે તેમણે વિચારવું. જો કહે કે, શું રામાદિ ( સ્ત્રી વગેરે ) વસ્તુમાં સર્વ ઇન્દ્રિયોનો વિષય નથી ? તો વિચારવાનું કે, રાત્રિના વખતે શબ્દરૂપથી સરખી પણ જે પૂર્વે કહેલી રામાદિ વસ્તુ નથી તેમાં તે રામાદિ વસ્તુનો ભ્રમ શું નથી થતો ? જો કહે કે રાત્રિના વખતે સર્વ ઇન્દ્રિયો અવબોધ ( જ્ઞાન ) ની હાનિ થવાથી પ્રાયઃ મોહ પામે છે અને તેને લીધે અતદ્વસ્તુમાં તદ્વસ્તુનો–રામાદિ નહિ એવી વસ્તુમાં રામાદિ વસ્તુનો ભ્રમ થાય છે, ત્યારે તો સિદ્ધ થયું કે ઇન્દ્રિયોદ્વારા થતું જ્ઞાન હંમેશાં સત્ય હોતું નથી. નિરોગી પુરૂષ શંખ સફેદ છે એમ જોઇને લે છે. પછી તેનેજ જ્યારે કાચકામળી ( આંખનો ) રોગ થાય છે ત્યારે તે શંખ બહુ રંગવાળો છે એમ શું તે નથી કહેતો ? પુરૂષનું મન જ્યારે સ્વસ્થ હોય છે ત્યારે તે સ્વબંધુઓને ઓળખે છે પણ તેજ જ્યારે મદિરાથી ઉન્મત્ત થયો હોય છે ત્યારે શું ઓળખી શકે છે ? આ બે દૃષ્ટાન્તોમાંના પુરૂષોમાં ઇન્દ્રિયો તેની તે જ છતાં એટલો વિપર્યાસ ( ઉલટો પરિણામ ) શાથી થયો ? એ પુરૂષોનું કયું જ્ઞાન સાચું પ્રમાણ ? પુરાતન-રોગાદિ થતા પહેલાનું કે આધુનિક-રોગાદિ થયા પછીનું ? આધુનિક નહિ પણ પુરાતન સાચું એમ જો કહે તો ઇન્દ્રિયો તેની તેજ છતાં વિશેષતા શાથી થઇ ? પૂર્વે મન અવિકારી હતું તે પાછળથી વિકારી થવાથી એટલો ભેદ પડયો એવો જો ખુલાસો કરે તો એ ભેદ શેમાં થયો ? જો એ ભેદ માનસિક હોય તો મન દશ્ય નથી તેમ વર્ણોવડે પણ તે નિવેદન કરી શકાતું નથી અને જે દશ્ય નથી તે નાસ્તિકની માન્યતા પ્રમાણે છે જ નહિં. વિકાર તો સાક્ષાત્ થયો છે, તે કેમ થયો ? દશ્ય પદાર્થોમાં જ જો ઇન્દ્રિયો મોહ પામે છે તો કયો સત્પુરૂષ કહેશે કે, ઇન્દ્રિયજ્ઞાન સર્વ સત્ય છે ? દિવ્યદૃષ્ટિ નિઃસ્પૃહ ઉપકારી પુરૂષોએ જે ઉપદિશ્યું છે તે જ સત્ય છે. સ્વસ્થચિત્તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્ત્વદૃષ્ટિથી વિચાર કરો કે, જ્ઞાનવંતે ઉપદેશેલા *આનંદ શોકાદિ ઘણા શબ્દોને નાસ્તિક આસ્તિક સરખી રીતે યથાર્થ માને છે.

આ શબ્દો જિહ્વાદિવત શબ્દવાળા નથી, સ્વર્ણાદિની પેઠે રૂપવાળા નથી, પુષ્પાદિની પેઠે સુગંધવાળા નથી, શર્કરાદિની પેઠે રસવાળા નથી, અને પવનાદિની પેઠે સ્પર્શવાળા નથી; પરંતુ તાલ્વિષ્ઠ–જિહ્વાદિ (તાળવું, ઓઠ જીભ વગેરે) સ્થાનકેથી બોલાય છે, એક કર્ણેન્દ્રિયદ્વારા એમના વર્ણો ગ્રહી શકાય છે, એમનાથી થતી ચેષ્ટાદિવડે વિશેષ બોધ થાય છે, અને સ્વાભ્યાસ (પોતાના અનુભવ) માં થયેલા ફળ ઉપરથી અનુમાન થઇ શકે છે. એ શબ્દો સ્વ વિરોધીનો નાશ કરે છે અને સ્વવિરોધીનો જન્મ થતાં વારજ પોતાના નામનો શીઘ્ર નાશ કરે છે. સ્વકીય (પોતાના) ઉચ્ચારની સાથે ઉત્પન્ન થતા ગુણ વિશિષ્ટ એ શબ્દોને સર્વે એક સરખી રીતે વાપરે છે, જો આવા સિદ્ધ શબ્દોનો સાક્ષાત્કાર (અનુભવ) સ્વ ઇંદ્રિયોવડે થતો નથી તો અપ્રત્યક્ષી પુણ્ય પાપાદિ વસ્તુમાં કોની ઇન્દ્રિયોની પ્રવૃત્તિ થઇ શકે ?

—— અપૂર્ણ.

* આનંદ, શોક, વ્યવહાર, વિદ્યા, આજ્ઞા, કલા, જ્ઞાન, મન, વિનોદ, ન્યાય, અન્યાય, ચોરી, જારી, ચાર વર્ણ, ચાર આશ્રમ, આચાર, સત્કાર, વાયુ, સેવા, મૈત્રી, યશ, ભાગ્ય, બલ, મહત્વ, શબ્દ, અર્થ, ઉદય, ભંગ, ભક્તિ, દ્રોહ, મોહ, મદ, શક્તિ, શિક્ષા, પરોપકાર ગુણ, ક્રીડા, ક્ષમા, આલોચ, સંકોચ, વિકોચ, લોચ, રાગ, રતિ, દુઃખ, સુખ વિવેક, જ્ઞાતિ, પ્રિય, અપ્રિય, પ્રેમ, દિશા, દેશ, ગામ, પુર, યોવન વાર્ધકય (ઘડપણ), સિદ્ધિ આસ્તિક, નાસ્તિક, કષાય, મોષ (ચોરીનો માલ), વિષય, પરાઙ્મુખ, ચાતુર્ય, ગાંભીર્ય, વિષાદ, કપટ, ચિન્તા, કલંક, શ્રમ, ગાલિ, લજ્જા, સંદેહ, સંગ્રામ, સમાધિ, બુદ્ધિ, દીક્ષા, પરીક્ષા, દમ, સંયમ, માહાત્મ્ય, અધ્યાત્મ, કુશીલ શીલ, ક્ષુધા, તૃષા, મૂલ્ય, મુહૂર્ત, પર્વ, સુકાલ, દુષ્કાલ, વિકરાલ, આરોગ્ય, દારિદ્ય, રાજ્ય, અતિશય, પ્રતીતિ પ્રસ્તાવ, હાનિ, સ્મૃતિ, વૃદ્ધિ, ગૃદ્ધિ, પ્રસાદ, દૈન્ય વ્યસન, અસૂયા, (અદેખાઇ,) શોભા, પ્રભાવ, પ્રભુતા, અભિયોગ, નિયોગ યોગ, આચરણ, તેમજ બીજા ભાવ પ્રત્યયાન્ત (ભાવવાચક પ્રત્યયવાળા) શબ્દો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

ગતાંક પૃષ્ટ ૨૭૫ થી શરૂ.

અનુ:—વિ. મૂ. શાહ.

જો વાસ્તવિક સત્વગુણથી મનને શુદ્ધ રાખવામાં આવે તો આખા શરીરમાં અનાયાસે પ્રાણ સંચાલન થશે, ભોજનનો ઠીક ઠીક પરિપાક થશે અને કોઇ પણ રોગ ઉત્પન્ન નહિ થાય.

સત્ય, ધાર્મિક તથા શુદ્ધ કર્મો તેમજ સત્સંગથી મનની શુધ્ધિ જરૂર થાય છે. આ રીતે મન શુધ્ધ થાય છે ત્યારે એક જાતનો અપૂર્વ આનંદ પેદા થાય છે.

મન વિદ્યુત છે અને વિચાર એક મહાન્ શકિત છે. મન અનેક તરેહના સંકલ્પો કર્યા કરે છે તેને સંસ્કૃતમાં ' મનોરથ ' કહે છે, જે ધ્યાનમાં એક મહાન વિઘ્નરૂપ છે. વિચારદ્વારા એને રોકવા જોઇએ.

પ્રાણાયામ અથવા તો પ્રાણ–સંયમથી મનની ગતિનો અવરોધ થાય છે અને ચિંતનમાં ઘટાડો થાય છે, એ મનમાંથી રાજસ તથા તામસ દોષો દૂર કરે છે.

મનમાં એક સમયે કેવળ એકજ ભાવ રહી શકે છે. પરંતુ એ વિજળીની માફક એટલી બધી તીવ્ર ગતિથી અહિં તહિં જાય છે કે સાધારણ મનુષ્ય એમ સમજે છે કે તે એક સમયમાં અનેક ભાવો ગ્રહણ કરી શકે છે.

આધ્યાત્મિક સાધના, વિચાર, ધ્યાન, પ્રાણાયામ, જપ, શમ તથા દમથી સાધકમાં તદ્દન નવું જ મન ઘડાય છે જેની સાથે જ નવા ભાવ, નવા સ્નાયુ–તંતુ, અને નવા મગજની રચના થાય છે. પછી તે આત્મશ્લાઘા કે અહંમન્યતા તરફ ઝુકાવનારા વિચારો જ નહિ કરે. એ તો આખા વિશ્વના કલ્યાણનું ચિંતન કરે છે. તે એકતાનો વિચાર કરે છે અને તેને માટે જ કામ કરે છે.

એક નાટક લખવા પહેલાં લેખકના મનમાં તેનું એક સાફ માનસિક ચિત્ર ઉત્પન્ન થાય છે, પછી તે તેના અમુક ભાગ પાડી દે છે અને જ્યારે તે નાટક રંગભૂમિ પર ભજવાય છે ત્યારે ભજવનારા તેના ભાગ પ્રમાણે ભજવે છે. ઇશ્વરને નથી ભૂત કે નથી ભવિષ્ય. તેને તો બધું ' વર્તમાન ' જ છે. તેને નથી ' નજીક ' કે નથી ' દૂર ' તેને તો સઘળું 'અત્ર' જ છે. પ્રત્યેક કાળ તેને તો ' અધુના ' જ છે. સમયક્રમ પ્રમાણે આ વિશાલ વિશ્વનાટકની ઘટનાઓ રંગભૂમિ ઉપર આવે જાય છે. પરમાણુ નિરંતર ગતિમાન છે. જુના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમાણુ નવા બને છે અને નવા પરમાણુ જુના બને છે. ખરી રીતે એવી કોઇ વસ્તુ નથી કે જેને જુની કહી શકાય. તેમજ એવી કોઇ વસ્તુ નથી કે જેને અદ્વિતીય કહી શકાય. જીવ પોતાના વ્યકિતગત મનવડે એ ઘટનાઓનું ક્રમવાર નિરીક્ષણ કરે છે પરંતુ ઇશ્વર બધી ઘટનાઓને એકી સાથે એક નિમિષ માત્રમાં જુએ છે, તે સર્વજ્ઞ ( બધું જાણનાર ) તેમજ સર્વવિત્ ( બધું સમજનાર ) છે.

જ્યારે મન ખાલી રહે છે ત્યારે ખરાબ વિચારો તેમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરે છે. ખરાબ વિચારોથી વ્યભિચારનો ઉપક્રમ થાય છે. વાસનામય દ્રષ્ટિથી માનસિક વ્યભિચારનું પાપ લાગે છે. યાદ રાખો કે માનસિક કર્મ જ વાસ્તવિક કર્મ છે. મનુષ્યનાં કર્મોનો નિર્ણય તેની મનોવૃત્તિ અનુસાર જ થાય છે. સાંસારિક મનુષ્યો બાહ્ય શારીરિક કર્મો વડે નિર્ણય કરે છે. નિર્ણય કરતી વખતે મનુષ્યની માનસિક પ્રવૃત્તિ ઉપર ધ્યાન આપવાથી ભૂલ થવાનો સંભવ નથી. મનને હમેશાં કર્મપરાયણ રાખો, કે જેથી ખરાબ વિચારો એમાં પ્રવેશ કરવા ન જ પામે. તન્દ્રિત મનમાં સેતાનનો નિવાસ હોય છે. મહાત્મા ગાંધીજી પોતાનાં મનને હમેશાં કર્મમય રાખે છે. તે ખરેખરા વીર છે. તે એટલે સુધી કે પોતે જ્યારે પોતાની ઓરડીમાં એકલા હોય છે ત્યારે પણ કંઇક વાંચે છે અથવા લખે છે અથવા કાંતતા હોય છે. મનની દેખરેખ દરેક ક્ષણે રાખતા રહો. તેને કાંઇપણ કામ આપો. બગીચામાં કામ કરવું, વાસણ સાફ કરવા, પાણી ભરવું, વાંચવું, લખવું, ધ્યાન ધરવું, માળા ફેરવવી, ગાવું, વૃદ્ધોની સેવા કરવી, રોગીયોની માવજત કરવી એવા એવા કામોમાં મન લગાડી દો. નકામી વાતચીતમાં ન પડો, મનને ઉંચા પ્રકારના જ્ઞાનથી ભરેલું રાખો.

જેવા વિચારો તમે સેવતા હો છો તેવાજ તમે બનો છો. તમે બળવાન થવાનું ચિંતન કરશો તો તમે બળવાન બનશો. પોતાની જાતને દુર્બળ માનશો તો તમે દુર્બળ થતા જશો. તમારી જાતને મૂર્ખ માનશો તો તમે મૂર્ખ થઇ જશો. અને ઇશ્વર સમજશો તો ઇશ્વર થઇ જશો. પ્રતિપક્ષ ભાવનાનો અભ્યાસ કરો. જ્યારે તમને ક્રોધ થવા લાગે ત્યારે મનમાં પ્રેમના ભાવો ભરો, જ્યારે તમને કાંઇ વ્યથા થતી હોય ત્યારે તમારા મનને આનન્દ અને ઉત્સાહના ભાવોથી ભરો, જ્યારે તમે માંદા હો ત્યારે તમારા મનમાં આરોગ્ય, બળ, શક્તિ તથા જીવનના ભાવો ભરો. એનો અભ્યાસ કરો. એ અભ્યાસથી તમને અક્ષયનિધિ પ્રાપ્ત થશે.

જો તમે મનની સાથે મળી ગયા હશો, તેની સાથે અભેદ રાખતા હશો તો તમને તેના દોષ નહિ જ જણાય. પણ જો તમે સાક્ષી અથવા મનની ગતિના નિરીક્ષક હશો અને જો તમે સ્વતંત્રરૂપે અંતઃપ્રેક્ષણનો અભ્યાસ કરતા હશો તો તમે તમારા અનેક દોષો સમજી શકશો, અને તમને એ દોષો દૂર કરવાની આવશ્યકતા જણાવા લાગશે. તમારે તમારા સ્વભાવો બદલવા જોઇએ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ દોષો નિર્મૂળ કરવા માટે સાચી સાધના કરવી જોઇએ; ત્યારે જ તમારૂં જીવન ઉન્નત થશે.

મન સંસ્કારોના સમૂહ સિવાય બીજું કાંઇ નથી. એ કેવળ અભ્યાસોનો સમૂહ છે. જે ઇચ્છાઓ જુદા જુદા વિષયોના સંસર્ગથી ઉત્પન્ન થાય છે તે ઇચ્છાઓના સંકલનનું મન ઘડાયેલ છે. મન એ ભાવોનો સમૂહ છે કે જે જુદા જુદા વિષયોથી એકત્રિત બને છે. એ વિચારો, ભાવો તથા અનુભવો હમેશાં બદલાયા કરે છે. કેટલાક જુના ભાવો અને વિચારો પોતાના નિવાસસ્થાન મન-માંથી પ્રસ્થાન કરે છે અને તેઓનું સ્થાન નવા વિચારો અને ભાવો લે છે.

આ સતત પરિવર્તનથી માનસિક ક્રિયામાં જરાપણ વિક્ષેપ પડતો નથી. માત્ર કેટલાક જુના વિચાર, ભાવ તથા અનુભવ ચાલ્યા જાય છે અને બાકી રહેલા વિચારો નવા આવેલા વિચારના સહવાસ તથા સહકારથી કામ કરવા લાગે છે. નવા આવેલા વિચારો જુના વિચારો કરતાં ઘણા વધારે આકર્ષક હોય છે. બન્ને પ્રકારના વિચારો એકરસ થઇને કામ કરે છે અને એ એકરસતાથી માનસિક સ્થિતિની એકતા બની રહે છે.

મન જ ભ્રમાત્મક વિષયોમાં મોહ ઉત્પન્ન કરે છે. મન જ બધા કર્મોનું મૂળ છે. એજ આપણા શરીરને હમેશાં કામ કરવા માટે તથા ભોગ ઉપભોગ માટે જુદા જુદા સુખદાયક વિષયોની પ્રાપ્તિ માટે પ્રોત્સાહિત કરે છે.

સાચો સન્યાસ મનની ઉપેક્ષામાં રહેલો છે. સંસારના અસ્તિત્વમાં નહિં. અહંકાર તથા બધી કામનાઓને દૂર કરવી એજ સન્યાસ છે. ત્યારે જ જીવન અમરત્વ પ્રાપ્ત કરે છે અને અહંકાર મુક્ત અવસ્થાનો અપૂર્વ આનંદ ભોગવે છે.

મનનો વાસ્તવિક સ્વભાવ વાસનામય હોય છે. વાસના અને મન એક બીજાના પર્યાય છે. ' હું ' ની ભાવના જ મનરૂપી વૃક્ષનું બીજ છે. અહંકારના એ બીજમાંથી જે પહેલો અંકુર ઉત્પન્ન થાય છે તે ' બુદ્ધિ છે. એ અંકુર-માંથી નીકળેલી શાખાઓ ' સંકલ્પ ' નામ ધારણ કરે છે. એટલા માટે એ મન રૂપી ભયાનક વૃક્ષમાંથી હમેશાં સંકલ્પરૂપી શાખાઓ કાપતા જાઓ અને છેવટે મનના વૃક્ષને તદ્દન નષ્ટ કરી દ્યો. શાખાઓનું કાપવું એ ગૌણ કર્મ છે. વૃક્ષને એના મૂળ ' હું ' ની સાથે ઉખેડી નાંખવું એજ મુખ્ય કર્મ છે. તેથી જો તમે શુભ કર્મોવડે મનરૂપી વૃક્ષના મૂળ ' હું ' ની ભાવનાનો નાશ કરી દેશો તો તે ફરી નહિ ઉગે. સમ્યગ્જ્ઞાનથી ' હું ' ના યથાર્થ સ્વરૂપનું અન્વેષણ થાય છે. જે મનનો નાશ કરનાર એક અગ્નિરૂપ છે. ' ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा '

જ્ઞાનાગ્નિ સર્વ કર્મોને ભસ્મીભૂત કરી દે છે.

મનની અંદર અનુકરણની મહાન શક્તિ રહેલી છે. એટલા જ માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભગવાન મહાવીર સંબંધી થોડી હકીકતો.

## શ્રી મહાવીર ચરિત્રમાં આવતાં મનુષ્ય, દેશ, નગર અને નદીઓ વગેરેના વિશેષ નામો.

( ગતાંક પૃષ્ઠ ૨૭૧ થી શરૂ. )

| સર્ગ. | શ્લોક. | |
|---|---|---|
| ૩ | ૫૭૩ | જંબૂખંડગ્રામ. |
| ,, | ૫૭૫ | તુંબાક ગ્રામ. |
| ,, | ૫૭૬ | નન્દિષેણસૂરિ પાર્શ્વનાથભગવાનના શિષ્ય તુંબાક ગ્રામમાં. |
| ,, | ૫૮૧ | કૂપિકા ગ્રામ ગુપ્તચર ભ્રાન્તિથી ભગવાન પકડાયા |
| ,, | ૫૮૩ | પ્રગલ્ભા ઉપરોક્ત ગ્રામમાં પાર્શ્વનાથ શિષ્યા તાપસણી. |
| ,, | ,, | વિજયા. ,, ,, ,, ,, |
| ,, | ૫૮૭ | વિશાલીનગરી. |
| ,, | ૬૧૧ | ગ્રામકગ્રામ. |
| ,, | ૬૧૨ | બિભેલિક યક્ષનું મંદિર ગ્રામકગ્રામમાં. |
| ,, | ૬૧૪ | શાલિશીર્ષ ગ્રામ. |
| ,, | ૬૧૫ | કટપૂતના બાણમન્તરિકા ( વાણ વ્યંતરી ) શીતોપસર્ગ કરનારી ઉપરોક્ત ગ્રામમાં. |
| ,, | ૬૨૫ | ભદ્રિકાપુરી છઠું ચોમાસું. |
| ૪ | ૧ | મગધદેશ. |
| ,, | ૨ | આલભિકાપુરી સાતમું ચોમાસું. |
| ,, | ૩ | કુંડકગ્રામ. |
| ,, | ૧૧ | મર્દનગ્રામ. |
| ,, | ૧૩ | બહુશાલગ્રામ. |
| ,, | ૧૫ | લોહાર્ગલપુર. |
| ,, | ,, | જિતશત્રુ ( ઉપરોક્ત ) ગામનો રાજા. |

આધ્યાત્મિક સાધકને ગૃહસ્થાશ્રમીયોના સહવાસનો નિષેધ કર્યો છે; કેમકે એમ કરવાથી તેનું મન સાંસારિક પુરૂષનું અનુકરણ કરવા લાગશે અને ત્યારે તેના અધઃપતનની શરૂઆત થઇ જશે.

તમને માનસિક બ્રહ્મચર્ય મુશ્કેલ લાગતું હોય તોપણ ઓછામાં ઓછું જ્યારે કોઇપણ વાસનાનો વિકાર થાય ત્યારે શરીરનો સંયમ જરૂર કરજો. એ દુસ્સાધ્ય રોગ મટાડવામાં પ્રકાશ, સાત્વિક આહાર, ઉપવાસ, પ્રાણાયામ, જપતપ, પ્રાર્થના અને વિવેક અત્યંત સહાયક બને છે. --ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | |
|---|---|---|
| ,, | ૧૯ | પુરિમતાલપુર. |
| ,, | ૨૦ | વાગુરશ્રેષ્ઠી ભદ્રાભાર્યા ઉપરોક્ત નગરવાસી મલ્લિનાથ ભગવાનના ચૈત્યનો ઉદ્ધાર કરાવનાર. |
